# ભાવનગરમાં જગન્નાથજી રથયાત્રાના રૂટ પર મ્યુનિ. તંત્ર દ્વારા કરાઈ સમીક્ષા

## રૂટ પરથી ગેરકાયદેસર દબાણો તાત્કાલિક દૂર કરવા અને સુવિધાઓ સમયમર્યાદામાં પૂર્ણ કરવા અધિકારીઓને આદેશ



ભાવનગર.તા.૪

આગામી અષાઢી બીજની રથયાત્રાના ભવ્ય આયોજનના ભાગરૂપે મ્યુનિસિપલ કમિશનર દ્વારા રથયાત્રાના સમગ્ર રૂટ તેમજ બાલા હનુમાન ચોક ખાતે સ્થળ મુલાકાત લેવામાં આવી હતી. આ નિરીક્ષણ દરમિયાન તેમણે માર્ગ વ્યવસ્થા, સ્વચ્છતા, સ્ટ્રીટ લાઈટ, ડ્રેનેજ, બેરિકેડિંગ, ટ્રાફિક અને પીવાના પાણી જેવી આવશ્યક સુવિધાઓની ઝીણવટભરી સમીક્ષા કરી હતી. રથયાત્રાના રૂટને સંપૂર્ણ અવરોધમુક્ત રાખવા અને શ્રદ્ધાળુઓની અવરજવર સરળતાથી થઈ શકે તે માટે જાહેર રસ્તાઓ પર નડતરરૂપ ગેરકાયદેસર દબાણોને તાત્કાલિક હટાવવા કમિશનરે સંબંધિત વિભાગોને કડક સૂચના આપી હતી. કોર્પોરેશન હસ્તકની તમામ કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે વિવિધ વિભાગો વચ્ચે સંકલન જાળવવા અને સોંપાયેલી કામગીરીનું નિયમિત મોનિટરિંગ કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો, જેથી શ્રદ્ધાળુઓને કોઈ અસુવિધા ન થાય. આ સ્થળ મુલાકાત દરમિયાન ભાવનગર મહાનગરપાલિકાના વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

# PGVCLનો સપાટો: સતત ચોથા દિવસે રૂ. 34.13 લાખની વીજચોરી ઝડપાઈ

## 39 ટીમો દ્વારા 285 વીજ જોડાણોનું ચેકિંગ; રહેણાંક, બિન-રહેણાંક અને ખેતીવાડીમાં કાયદેસરની કાર્યવાહી

ભાવનગર,તા.૪

ભાવનગર PGVCL સર્કલ કચેરી હેઠળના વિસ્તારોમાં વીજચેકિંગ ડ્રાઈવના ચોથા દિવસે વ્યાપક દરોડા પાડવામાં આવ્યા હતા. મહુવા, ભાવનગર સિટી-૧, સિટી-૨ અને ભાવનગર રૂરલ ડિવિઝન તેમજ સિહોર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં હાથ ધરાયેલી આ કાર્યવાહીમાં કુલ ૨૮૫ વીજ જોડાણોની તપાસ કરવામાં આવી હતી. જેમાંથી ૬૬ જોડાણોમાં વીજચોરી ઝડપાતાં કુલ ૩૪.૧૩ લાખનું બિલ ફટકારી આકારણી કરવામાં આવી છે.

શુક્રવારે યોજાયેલી આ ડ્રાઈવમાં PGVCL, કોર્પોરેટ અને ઓપરેશન એન્ડ મેઈન્ટેનન્સની કુલ ૩૯ ટીમો જોડાઈ હતી. તપાસ કરાયેલા જોડાણોમાં ૨૪૫ રહેણાંક, ૧૭ બિન-રહેણાંક અને ૨૩ ખેતીવાડી કનેક્શનનો સમાવેશ થાય છે. જેમાંથી અનુક્રમે ૫૭ રહેણાંક, ૫ બિન-રહેણાંક અને ૪ ખેતીવાડી મળી કુલ ૬૬ કેસ પકડાયા હતા. આ કામગીરી ભાવનગર શહેર ઉપરાંત ભગુડા, સેડાદ્રા, દુધાળા-૧, ગુજરડા, કરદેજ અને ઘાંઘળી ગામોમાં કરવામાં આવી હતી. ચેકિંગ દરમિયાન સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા જાળવવા માટે SRP, GUVNL પોલીસ, સ્થાનિક પોલીસ, નિવૃત્ત સૈનિકો અને વીડિયોગ્રાફરો સહિતનો ચુસ્ત બંદોબસ્ત તૈનાત રાખવામાં આવ્યો હતો.

# કુંભારવાડામાં જર્જરિત મકાન ધરાશાયી થતાં માસૂમ બાળક સહિત ત્રણને ઈજા




શહેરના કુંભારવાડા વિસ્તારમાં મોતીતળાવ રોડ પર આવેલું એક જૂનવાણી અને જર્જરિત મકાન વરસાદી માહોલના કારણે અચાનક ધરાશાયી થયું હતું. આ દુર્ઘટનામાં ઘરમાં હાજર નઝીર આસિમ શેખ (૭૬), સલીમ આસિમ શેખ અને ૨ વર્ષનો માસૂમ બાળક હમજા શેખ કાટમાળ નીચે દબાતા ઈજાગ્રસ્ત થયા હતા. ઘટનાની જાણ થતાં જ પોલીસ અને ફાયર બ્રિગેડનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. તંત્ર દ્વારા બચાવ કામગીરી હાથ ધરીને ત્રણેય ઈજાગ્રસ્તોને તાકીદે સારવાર અર્થે સર ટી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા

# ભાવનગરના ૧૭ સ્કાઉટ-ગાઈડ વિદ્યાર્થીઓને મળશે પ્રતિષ્ઠિત 'રાજ્ય પુરસ્કાર એવોર્ડ'

## નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ સઘન તાલીમ અને પરીક્ષાઓ પાસ કરી

ભાવનગર,તા.૪

ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ એન્ડ ગાઈડ સંઘ દ્વારા દર વર્ષે વિદ્યાર્થીઓની શિસ્ત, સેવાભાવ, નેતૃત્વ અને કૌશલ્યના આધારે આપવામાં આવતો પ્રતિષ્ઠિત 'રાજ્ય પુરસ્કાર એવોર્ડ' આ વર્ષે ભાવનગરના ફાળે ગયો છે. ભાવનગર જિલ્લા ભારત સ્કાઉટ એન્ડ ગાઈડ સંઘના માર્ગદર્શન હેઠળ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની વિવિધ સરકારી શાળાઓના કુલ ૧૭ સ્કાઉટ-ગાઈડ વિદ્યાર્થીઓ આગામી રવિવારે (૫ જુલાઈ) આ એવોર્ડ પ્રાપ્ત કરશે.

એવોર્ડ મેળવનારાઓમાં લંબે હનુમાન પ્રાથમિક શાળાના અક્ષદ ગોહીલ, મનદીપ વાજા, કુલદીપ જાદવ, નિધિ બારૈયા, નિરાલી સોલંકી સહિત ૧૨ વિદ્યાર્થીઓ, જલારામબાપા પ્રાથમિક શાળાના ઉદય રાઠોડ અને કુલદીપ મકવાણા, અક્ષરપાર્ક શાળાના યુવરાજ મકવાણા અને વેદાંત હરસોરા તેમજ ભુતા રૂગનાથ શાળાના રવિ ગોહેલનો સમાવેશ થાય છે.

આ વિદ્યાર્થીઓને રાજ્યપાલ એવોર્ડ માટે તૈયાર કરવામાં શિક્ષકો અલ્પાબેન જાની અને રમેશભાઈ પરમારે સતત માર્ગદર્શન અને સઘન તાલીમ આપી હતી. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ આ અભૂતપૂર્વ સિદ્ધિ બદલ તમામ વિદ્યાર્થીઓ, માર્ગદર્શક શિક્ષકો અને શાળાઓને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવ્યા છે.

# કોટીયા ગામમાં સિંહ-દીપડાનો ત્રાસ: વિદ્યાર્થીઓને શાળાએ જવામાં મુશ્કેલી

## હિંસક પ્રાણીઓના ડરથી બાળકો શિક્ષણથી વંચિત; પાલતુ પશુઓના શિકાર થતાં પશુપાલકોમાં ફફડાટ

ભાવનગર,તા.૪

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના કોટીયા ગામમાં સિંહ અને દીપડાનો ત્રાસ અતિશય વધી જતાં સમગ્ર પંથકમાં ભારે ભયનો માહોલ છે. રતનપર ફોરેસ્ટ બીટને અડીને આવેલા આ ગામની સીમમાં સાંજના ૬ વાગ્યા પછી હિંસક પ્રાણીઓ ખુલ્લેઆમ રહેણાંક વિસ્તારોમાં પ્રવેશી રહ્યા છે અને રાત્રિના સમયે પાલતુ પશુઓનો શિકાર કરી રહ્યા છે, જેના કારણે ખેતી અને પશુપાલન પર નિર્ભર સ્થાનિક ગ્રામજનો ચિંતિત બન્યા છે.

આ આતંકની સૌથી માઠી અસર શાળાએ જતા માસૂમ બાળકો પર પડી છે. ગામની પ્રાથમિક શાળા સીમ વિસ્તારમાં આશરે એક કિલોમીટર દૂર આવેલી છે, જ્યાં દરરોજ અંદાજે ૧૦૫ વિદ્યાર્થીઓ જીવના જોખમે ભણવા જાય છે. વન્યજીવોના ખુલ્લેઆમ આંટાફેરાને લીધે વાલીઓ એટલા ડરી ગયા છે કે ઘણા બાળકોને શાળાએ મોકલવાનું જ બંધ કરી દીધું છે, જેથી તેમનું શૈક્ષણિક ભવિષ્ય જોખમમાં મુકાયું છે.

આ વિકટ પરિસ્થિતિમાંથી મુક્તિ મેળવવા કોટીયા ગામના રહીશોએ વડલી સ્થિત નોર્મલ રેન્જ ફોરેસ્ટ ઓફિસના આર.એફ.ઓ. (RFO) ને લેખિતમાં રજૂઆત કરી છે. ગ્રામજનોએ માંગ કરી છે કે આ હિંસક પ્રાણીઓને પાંજરે પૂરી અન્યત્ર સ્થળાંતર કરવામાં આવે અથવા વિદ્યાર્થીઓની સુરક્ષા માટે વન વિભાગ દ્વારા તાત્કાલિક કોઈ પાકી વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવામાં આવે.

# મહુવા માર્કેટિંગ યાર્ડમાં મગફળી અને કપાસની હરાજી હવે અઠવાડિયામાં માત્ર બે દિવસ થશે

ભાવનગર,તા.૪

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (APMC) મહુવા દ્વારા ખેડૂતો, કમિશન એજન્ટો અને ખરીદદાર વેપારીઓ માટે એક મહત્વપૂર્ણ જાહેર નોટિસ બહાર પાડવામાં આવી છે. યાર્ડના સેક્રેટરી વિ. પી. પાંચાણીની સહી સાથે જાહેર થયેલી આ સત્તાવાર માહિતી મુજબ, આગામી ૬ જુલાઈ ૨૦૨૬, સોમવારથી મહુવા યાર્ડમાં મગફળી અને કપાસના વેચાણ માટેની હરાજીની પ્રક્રિયામાં મોટો સુધારો કરવામાં આવ્યો છે.

નવી વ્યવસ્થા અનુસાર, હરાજી પ્રક્રિયાને વધુ સુવ્યવસ્થિત બનાવવા માટે હવેથી મગફળી અને કપાસની હરાજી અઠવાડિયામાં માત્ર બે દિવસ એટલે કે દર સોમવારે અને ગુરુવારે જ હાથ ધરવામાં આવશે. આ સાથે જ સ્પષ્ટતા કરવામાં આવી છે કે, જો નિયત કરાયેલા હરાજીના દિવસે કોઈ સરકારી કે જાહેર રજા આવશે, તો તેના પછીના નક્કી થયેલા આગામી કાર્યકારી દિવસે હરાજી યોજાશે. સંબંધિત તમામ ખેડૂતો અને વેપારીઓને આ ફેરફારની નોંધ લેવા વિનંતી કરાઈ છે.

# ભાવનગર અને મહુવામાં ચેક બાઉન્સના અલગ-અલગ કેસમાં બે શખ્સોને કેદની સજા

## કોર્ટે એક આરોપીને ૩ માસ અને મોબાઈલ વેપારીના ચેક બાઉન્સ કેસમાં અન્ય આરોપીને ૧.૫ વર્ષની સજા ફટકારી

ભાવનગર,તા.૪

ભાવનગર શહેર અને જિલ્લામાં ચેક રિટર્નના બે અલગ-અલગ કેસોમાં અદાલતે મહત્વના ચુકાદા આપી ગુનેગારોને કેદ અને દંડની સજા ફટકારી છે. પ્રથમ કેસમાં, ભાવનગરના ગાયત્રીનગર વિસ્તારમાં રહેતા પાર્થ જીતેન્દ્રભાઈ ત્રિવેદી સામે યોગેશભાઈ પ્રવિણચંદ્ર મેખિયાએ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ (ચેક બાઉન્સ) હેઠળ કોર્ટમાં ફરિયાદ નોંધાવી હતી. આ કેસ ચાલી જતાં ભાવનગરના પાંચમા ચીફ જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટે આરોપી પાર્થ ત્રિવેદીને તકસીરવાન ઠેરવી ત્રણ માસની સાદી કેદની સજા અને ચેકની રકમ દંડ પેટે કોર્ટમાં જમા કરાવવાનો હુકમ કર્યો છે.

જ્યારે બીજા એક મોટા કેસમાં, મહુવામાં રહેતા તાહેર અકબરઅલી માસારોડવાલા નામના શખ્સે 'મસ્ત મોબાઈલ'ના પ્રોપરાઈટર મેહુલ મનજીભાઈ વળિયા પાસેથી મોબાઈલ ખરીદ્યા હતા. તેના બાકી નીકળતા રૂા.૧૭,૦૭,૯૫૦ની રકમનો આપેલો ચેક બેંકમાંથી બાઉન્સ થયો હતો. આ અંગે મહુવાની જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસની કોર્ટમાં વકીલ મારફત ફરિયાદ દાખલ કરાતા કોર્ટે કડક વલણ અપનાવ્યું હતું. અદાલતે આરોપી વેપારી તાહેર માસારોડવાલાને દોઢ વર્ષની સાદી કેદની સજા ફટકારી છે, સાથે જ ચેકની દોઢી રકમ એટલે કે કુલ રૂા.૨૫,૬૧,૯૨૫નો તોતિંગ દંડ ભરવાનો આદેશ કર્યો છે.

# દેવેનભાઈ શેઠએ હિંમતભર્યું પગલુ લીધુ અને વૃધ્ધાશ્રમનું નવું આધુનિક બિલ્ડીંગ રૂા. 15 કરોડના ખર્ચે તૈયાર થયુ



## સૌને સાથે રાખીને કામ કરો તો સફળતા મળે જ છે: દેવેન શેઠ

ભાવનગર,તા.૪

હાલમાં જ ભાવનગર વૃધ્ધાશ્રમ ટ્રસ્ટ દ્વારા સ્થાપક માનભાઈ ભટ્ટ દ્વારા બનાવવામાં આવેલ આજથી ૫૦ વર્ષો પહેલાનું બિલ્ડીગ હાલમાં ખૂબજ જર્જરીત થઈ ગયુ હતું. અનેક રૂમોમાં છત પરથી ગાબડા પડી રહ્યા હતા. જે ક્યારેક વડીલોના મોતનું કારણ બની શકે તેમ હતાં. દરેક ટ્રસ્ટીઓની તીવ્ર ઈચ્છા હતી કે આ જુના જર્જરીત બિલ્ડીગની જગ્યાએ નવુ આધુનિક તમામ સગવડયુક્ત બિલ્ડીગ બનાવવામાં આવે. પરંતુ અવરોધરૂમ સૌથી મોટો પ્રશ્ન હતો નવા બિલ્ડીગ માટે જરૂરી આશરે રૂા. ૧૫ કરોડનું ડોનેશન કઈ રીતે એકઠું કરવું. એક સમયે ભાવનગરના એક ઉદાર દાતાએ મકાન બાંધવા રૂા. સવા કરોડનું કમીટમેન્ટ કર્યુ હતુ અને રૂા.૨૫ લાખ એડવાન્સ પણ આપી દીધા હતા. આમ છતાં પ્રમુખ નીલાબેન ઓઝા તથા મંત્રી બુધાભાઈ પટેલને બાકીનું ડોનેશન મળશે કે કેમ તે અંગે હીયા હતી. એટલે તેઓએ આ ડોનેશનની રકમ દાતાને પરત કરી હતી.

ત્યારબાદ મંત્રી બુધાભાઈ પટેલન ૩ મહિનાની લાંબી રજા પર જવાનું થયું અને મંત્રી પદ શેઠ બ્રધર્સના દેવેનભાઈને સોંપવામાં આવ્યું.દેવેનભાઈ શેઠએ ઈશ્વર આપેલી આ તકને ઝડપી લીધી, સાહસિક બિઝનેસમેન એવા દેવેનભાઈ શેઠએ તાત્કાલિક ટ્રસ્ટી મંડળની મિટીગ બોલાવી નવા બિલ્ડીગ બાંધવા અંગે સમગ્ર ટ્રસ્ટી મંડળ સમક્ષ પ્રસ્તાવ મુકયો અને સૌએ સહર્ષ સ્વિકારી લીધો. આ મિટીગદરમિયાન જ સૌ ટ્રસ્ટીઓએ મોટી રકમનું અનુદાન નોંધાવ્યુ. અચ્યુતભાઈ મહેતાએ તેમના મોટા બહેન દુલારીબેન સાથે વાત કરી રૂા. ૨.૪૫ કરોડનું અનુદાન નકકી કર્યું. ભરતભાઈ શાહએ તેમના સંબંધીનું રૂા. ૧.૨૫ કરોડનું અનુદાન નકકી કર્યું. દેવેનભાઈ શેઠએ પરિવાર ૫૫ લાખ નોંધાવ્યા. આમ મિટીગ દરમિયાન જ આશરે ૪ કરોડ જેટલું અનુદાન મળી ગયું. ત્યારબાદ આ પ્રોજેકટના પ્રણેતા અને લીડર એવા દેવેનભાઈ શેઠએ ટ્રસ્ટીઓની અયોજનબધ રીતે ટીમ તૈયાર કરી ભાવનગરના ઉદાર દાતાઓનો સંપર્ક કરવાનું શરૂ કર્યું.અને જોતજોતામાં માત્ર ત્રણ મહિનામાં નવા બિલ્ડીગ માટે જરૂરી તમામ રકમ એકઠી કરી લીધી. ત્યારબાદ આ જર્જરીત વૃધ્ધાશ્રમમાં રહેતા આશરે ૧૨૦ જેટલા વડીલો માટે અન્ય સારી જગ્યાએ ત્રણ વર્ષ માટે રહેવાની સુંદર વ્યવસ્થા કરી સૌ વડીલોને ત્યાં શીટ કર્યા. વડીલોને તકલીફ ન પડે તેવી સારી જગ્યા ગોતવા માટે પણ થણો સંઘર્ષ કરવો પડયો. ત્યારબાદ નવા આધુનિક બિલ્ડીગના બાંધકામ માટે ચાર સભ્યોની કમિટી બનાવવામાં આવી. કિર્તીભાઈ સખપરા, અચ્યુતભાઈ મહેતા, સંજયભાઈ શાહ (ભજુભાઈ) તથા ખુદ દેવેનભાઈ શેઠ એ આ કામ સંભાળ્યુ. ત્રણ વર્ષના અંતે એક સુંદર મજાનું આધુનિક વૃધ્ધાશ્રમ તૈયાર થઈ ગયું. આર્કિટકટ રજનીકાંતભાઈ મચ્છર, કમલેશભાઈ ડોડીયા, અતુલભાઈ વોરાએ સુંદર વૃધ્ધાશ્રમ બનાવી આપ્યું. બાંધકામ દરમિયાન સંસ્થાના સ્ટાફ સભ્ય રાજેશભાઈની ખૂબ જ પ્રશંસનીય કામગીરી રહી. તો અન્યત્ર શીફ્ટ કરેલ ૧૨૦ વડીલોને સારી રીતે સંભાળવાની જવાબદારી ગૃહપાલ તરીકે શ્રી લતાબેન એ ખૂબજ સુંદર રીતે નિભાવી. દરમિયાન ઓફિસ કામમાં ભરતભાઈ શાહ, સુનીલભાઈ વડોદરીયા તથા લતાબેન શાહ, મંત્રી બુધાભાઈને મદદરૂપ થયા. ઉદ્ઘાટન પ્રસંગ અંગે સૌ ટ્રસ્ટીઓએ ઘણી જ મહેનત કરી તૈયારીઓ કરી. આમ વૃધ્ધાશ્રમના નવા બિલ્ડીગના ઓપનીગ સાથે એક નવું અધ્યાય શરૂ થયું. દેવેનભાઈ શેઠની સુઝબુઝ, આયોજનબધ્ધ રીતે કામ કરવાની પધ્ધતિ, સૌ ટ્રસ્ટીઓને સાથે રાખીને, સૌને વિશ્વાસમાં લઈને કામ કરવાની રીત આ બધાને પરિણામે એક સુંદર મજાના નવા વૃધ્ધાશ્રમના બિલ્ડીગનું સૌ ટ્રસ્ટીઓનું સ્વપ્ર પુરુ થયું. દેવેનભાઈ શેઠએ બહારગામ તથા ભાવેણાના તમામ ઉદાર દાતાઓનો આભાર વ્યકત કર્યો હતો.

# લોકભારતી અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓ દ્વારા 9 જિલ્લાની 28 શાળાઓમાં યોજાયો શિક્ષણ યજ્ઞ



શિક્ષણની જયોત જવલંત કરવાના મનોરથ સાથે લોકભારતી અધ્યાપન મંદિર સણોસરાના દ્વિતીય વર્ષના ૧૨૨ તાલીમાર્થીઓનો તાઃ ૧૬થી ૩૦ જૂન દરમિયાન ભાવનગર,બોટાદ, ભરૂચ, તાપી, મહીસાગર, દેવભૂમિ દ્વારકા, અમદાવાદ, સુરેન્દ્રનગર, જામનગર જિલ્લાની ૨૮ શાળાઓમાં નિવાસી ઈન્ટર્નશિપ કાર્યક્રમ ફળદાયી સાબિત થયો.આ ઈન્ટર્નશિપ કાર્યક્રમમા બીજા વર્ષના તાલીમાર્થીઓએ બ્રીજ કોર્સ (વાચન, ગણન અને લેખન), વિશ્વ યોગ દિવસની ઉજવણી, પ્રવેશોત્સવ, ખજાનાની શોધ,આનંદ બજાર ,રમતોત્સવ,સાંસ્કૃતિક કાર્યક્રમ, બાળમેળાઓ જેવી સહઅભ્યાસક પ્રવૃતિઓ સાથે લોકભારતી અધ્યાપન મંદિર દ્વારા સોંપાયેલી શૈક્ષિણક કામગીરી સંપન્ન કરી.તાલીમાર્થીઓમાં શાળા સંચાલન, શિક્ષકત્વનો વાસ્તવિક અનુભવ - અનુબંધ, ગ્રામ સંપર્ક અને નેતૃત્વ કૌશલ્ય જેવા ગુણો વિકસ્યા.આ સમગ્ર આયોજનમાં લોકભારતી અધ્યાપન મંદિરના આચાર્ય જગદીશગિરિ ગોસાઇ અને અધ્યાપકો અજયભાઈ પંડ્યા,કવિતાબેન વ્યાસ, અમિતભાઈ સાસાણી અને સંદીપભાઈ ઊંડવિયા નિવાસી શાળા અને ગામની મુલાકાત સંદર્ભે ઉપસ્થિત રહી તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કર્યા.

# ભાવ. જિલ્લા પંચાયતની સામાન્ય સભા મળી: આગામી અઢી વર્ષ માટે 9 મહત્વની સમિતિઓની કરાઈ રચના

## ઉપપ્રમુખને ડાયસ પર બેસાડવાનો ઠરાવ સર્વાનુમતે પસાર; 40 માંથી 35 સદસ્યોની હાજરીમાં વહીવટી પ્રક્રિયાને વેગ આપવા લેવાયા નિર્ણયો






ભાવનગર,તા.૪

ભાવનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા શુક્રવારે જિલ્લા પંચાયતના સભાખંડમાં પ્રમુખ અશોક લાધવાના અધ્યક્ષસ્થાને મળી હતી, જેમાં વહીવટી પ્રક્રિયાને વધુ વેગવંતી બનાવવા અને જિલ્લાના વિકાસ કાર્યોને સુચારુ રીતે ચલાવવા માટે આગામી અઢી વર્ષની મુદત માટે કુલ ૯ મહત્વની સમિતિઓની રચના કરીને તેના સભ્યોના નામોને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. આ ઉપરાંત, સામાન્ય સભામાં ઉપપ્રમુખને ડાયસ ઉપર બેસવા માટેનો ઠરાવ પણ સર્વાનુમતે પસાર કરાયો હતો અને અગાઉ મળેલી સામાન્ય સભાની કાર્યવાહી નોંધને બહાલી આપવામાં આવી હતી. જિલ્લા પંચાયતના કુલ ૪૦ ચૂંટાયેલા સદસ્યો પૈકીના ૩૫ સદસ્યો હાજર રહ્યા હતા, જ્યારે ૫ સભ્યો ગેરહાજર હતા. સભામાં સચિવ અને ભાવનગર જિલ્લા વિકાસ અધિકારી (DDO) હનુલભાઈ ચૌધરી, ઉપપ્રમુખ સુજાનસિંહ ગોહિલ સહિત શાસક પક્ષ ભાજપ અને વિરોધ પક્ષ કોંગ્રેસમાંથી ચૂંટાયેલા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. નવનિયુક્ત સમિતિઓમાં શિક્ષણ સમિતિમાં ચંદ્રાબા કિરીટસિંહ ગોહિલ, પ્રભાબેન ગણપતભાઈ કાશેલા, અમિષાબેન લક્ષ્મણભાઈ ભમ્મર, હરપાલસિંહ રાજેન્દ્રસિંહ પરમાર, ઉષાબેન ભરતભાઈ ધામેલીયા, મિતેશભાઇ વિનુભાઇ બાબરીયા, જેન્તીભાઈ બાબુભાઈ બાંભણિયા તેમજ કો-ઓપ્ટ સભ્ય તરીકે ભારતીબેન વિઠ્ઠલભાઈ ભીંગરાડીયા અને ભગવાનભાઈ ધનાભાઈ મેરની વરણી કરાઈ છે. સામાજિક ન્યાય સમિતિમાં મિતેશભાઇ વિનુભાઇ બાબરીયા, સોનલબેન સંજયભાઇ વાઘાણી, વસંતબેન બળવંતભાઈ પરમાર અને કો-ઓપ્ટ સભ્ય તરીકે અશોકભાઈ ધુડાભાઈ વાઘેલા તેમજ બાબુભાઇ ઉકાભાઈ સોલંકીનો સમાવેશ થાય છે. અપીલ સમિતિમાં અશોકભાઈ લાલજીભાઈ લાધવા, મનસુખભાઈ હિંમતભાઈ શિયાળ, આશાબેન મયુરભાઈ કામળીયા, બાબુભાઈ રાણાભાઈ ડોણાશીયા અને હરપાલસિંહ રાજેન્દ્રસિંહ પરમારની પસંદગી કરાઈ છે. કારોબારી સમિતિમાં મુકેશભાઈ દેવશીભાઈ રાઠોડ, છાયાબેન દશરથભાઈ જાની, શિવાભાઈ ઝવેરભાઈ ચૌહાણ, લગ્ધીરસિંહ ગંભીરસિંહ ગોહિલ, સમજુબેન મકોડભાઈ વાળા, પ્રદિપભાઈ ઠાકરશીભાઈ રાઠોડ, ઉષાબેન ભરતભાઈ ધામેલીયા, ભાવનાબેન જસુભાઈ કાતરીયા અને સુજાનસિંહ મલુજી ગોહિલ રહેશે.

જાહેર બાંધકામ સમિતિમાં મંગુબેન ભોળાભાઈ ચુડાસમા, જેન્તીભાઈ વેલાભાઈ બાંભણિયા, સુરેન્દ્રસિંહ વનરાજસિંહ ગોહિલ, બયુબેન રઘુભાઇ ગોહિલ અને હર્ષાબેન અશોકભાઈ આહીરનો સમાવેશ કરાયો છે. જાહેર આરોગ્ય સમિતિમાં કમુબેન મુન્નાભાઈ ચૌહાણ, બિંદીયાબા દિવ્યરાજસિંહ સરવૈયા, શોભનાબહેન પોપટભાઈ લાઠીયા, કિશોરભાઈ લાખાભાઈ મકવાણા અને નીતાબેન અરવિંદભાઈ ડાભી રહેશે. ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિમાં સુરેન્દ્રસિંહ વનરાજસિંહ ગોહિલ, કિશોરભાઈ લાખાભાઈ મકવાણા, જયાબેન રમેશભાઈ ચૌહાણ, ગીતાબા શક્તિસિંહ ગોહિલ અને રમેશભા જીવાભા ગોહિલ કાર્યભાર સંભાળશે. મહિલા અને બાળ વિકાસ યુવા પ્રવૃત્તિ સમિતિમાં હર્ષાબેન અશોકભાઈ આહીર, કમુબેન મુન્નાભાઈ ચૌહાણ, ચંદ્રાબા કિરીટસિંહ ગોહિલ, મંગુબેન ભોળાભાઈ ચુડાસમા અને બિંદીયાબા દિવ્યરાજસિંહ સરવૈયાની નિમણૂક કરાઈ છે. બાયોડાયવર્સિટી મેનેજમેન્ટ કમિટી (BMC) માં પ્રમુખ અશોક લાધવા, શિવાભાઈ ઝવેરભાઈ ચૌહાણ, રાજુભાઈ મુળુભાઈ સાંખટ, વખુબેન રણછોડભાઈ ઢાપા, સોનલબેન સંજયભાઈ વાઘાણી, લગ્ધીરસિંહ ગંભીરસિંહ ગોહિલ અને જિલ્લા વિકાસ અધિકારી (DDO), ભાવનગરનો સમાવેશ થાય છે. બેઠકના અંતે પંચાયતના પ્રમુખ દ્વારા આશાવાદ વ્યક્ત કરાયો હતો કે, આ નિર્ણયોથી આગામી સમયમાં જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષણ, આરોગ્ય, રસ્તાઓ અને મહિલા ઉત્કર્ષના કામોને વધુ ગતિ મળશે.

